## :: બાનાખત ::

### *"ARANYA ONE44 PHASE-2"*

એ નામની યોજનામાં આવેલ **યુનિટ નંબર ............** વાળી મીલકતનો બાનાખતનો કરાર

**ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી રજીસ્ટ્રેશન નંબર :**

**... APPLIED FOR REGISTRATION ...**

આજરોજ તારીખ : / / ૨૦ ને વાર ના રોજ આ બાનાખતનો કરાર

**લખી લેનાર / એક તરફવાળા** :

**૧.........................................................................,**
**ઉ.વ. પુખ્ત, ધંધોઃ.......... PAN:................... AADHAAR:........................**
**રહેવાસીઃ...........................................................................**
**૨.........................................................................,**
**ઉ.વ. પુખ્ત, ધંધોઃ......... PAN:................... AADHAAR:.........................**
**રહેવાસી : ..........................................................................**

જેમને હવે પછી સદર બાનાખતનો કરાર લખી લેનાર / એક તરફવાળા એ રીતે સંબોધવામાં આવશે. જેના શબ્દનાં અર્થમાં લખી લેનાર / એક તરફવાળા પોતે જાતે તથા તેમના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, એકઝીક્યુટરો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

**જોગ આ બાનાખતનો કરાર લખી આપનાર / બીજી તરફવાળા** :

**વિહળ ઈન્ફ્રા** એ નામની ભાગીદારી પેઢી (PAN: AAPFV4212Q) જેની ઓફીસ SF-68, બીજો માળ, અર્થ ઈઓન, કારેલીબાગ થી સમા-સાવલી રોડ, વડોદરા ખાતે આવેલ છે જે ભાગીદાર પેઢી તર્ફે અને વતી પેઢીના વહીવટ કર્તા ભાગીદારો **૧. હીરેન ત્રિભોવનભાઇ સવાણી, ઉ.વ. પુખ્ત ધંધો : વેપાર, રહેવાસી : નિઝામપુરા, વડોદરા, ૨. યોગેશ ત્રિભોવનભાઇ પ્રજાપતી, ઉ.વ. પુખ્ત ધંધો : વેપાર, રહેવાસી : ન્યુ સમા રોડ, વડોદરા. ૩. બિપીન નટવરભાઇ મોકાણી, ઉ.વ. પુખ્ત ધંધો : વેપાર, રહેવાસી : ન્યુ સમા રોડ, વડોદરા. ૪. ધવલ ગુણવંતભાઈ રાણપુરા, ઉ.વ. પુખ્ત ધંધો : વેપાર, રહેવાસી : ન્યુ સમા રોડ, વડોદરા.**

જેમને હવે પછી સદર બાનાખતનો કરાર લખી આપનાર / બીજી તરફવાળા જમીન માલીકો એ રીતે સંબોધવામાં આવશે. જેના શબ્દનાં અર્થમાં લખી આપનાર / બીજી તરફવાળી ભાગીદારી પેઢી ના હાલના તથા વખતો વખતના ભાગીદારો પોતે જાતે તથા તેમના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, એકઝીક્યુટરો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

આ બાનાખતનો કરાર અમો બીજી તરફવાળા તમો એક તરફવાળાને અમારી રાજીખુશીથી લખી આપીએ છીએ કે,

અમારી સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની મીલકત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા અને સબ–ડીસ્ટ્રીકટ વડોદરાના મોજે ગામ ભાયલી તા. જી. વડોદરાના બ્લોક નં. ૨૭૯, જુનો રે.સ. નં. ૩૩૧-૧।૨, ૩૩૫, ખાતા નં. ૧૫૭૮ વાળી જમીનનો બીનખેતી વાપર ઉપયોગ કરવાનો હુકમ એન.એ./એસ.આર./૫૩૬/૨૦૧૭-૧૮, નં. જમીન-ડી/કલમ-૬૫/વશી/૪૦૬ થી ૧૦/૧૭ બીનખેતી શાખા, કલેક્ટર કચેરી, વડોદરા તારીખ : ૩૧/૦૧/૨૦૧૮ થી થયેલ છે. જે ક્ષેત્રફળ ૧૩,૧૫૨ ચો.મી. વાળી મીલકત અમોએ તેના માલીક અનીલ ભોળાભાઈ પટેલ, બીપીનકુમાર ભોગીલાલ શાહ, બ્રીજેશ બીપીનકુમાર શાહ, સોનક અક્ષયભાઈ કોઠારી, જૈમીન મહેશભાઇ કોઠારી, સંજય ચીમનભાઈ પટેલ તથા તક્ષ જયંતીભાઈ પટેલ તર્ફે અને વતી કુલમુખત્યાર જયંતીભાઈ જેસંગભાઈ પટેલ પાસેથી તારીખ : ૨૩/૦૩/૨૦૧૯ના રોજ વેચાણ રાખેલી હતી તે મીલકતનો વેચાણ લેખ વડોદરા સબ – રજીસ્ટ્રાર કચેરીમાં અનું.નં. ૮૫૭૦ થી નોંધણી થયેલી છે. તે લેખના આધારે રેવન્યુ રેકર્ડમાં અમો બીજી તરફવાળાના નામે ચાલે છે.

સદર મોજે ગામ ભાયલી તા. જી. વડોદરા ના બ્લોક નં. ૨૭૯, જુનો રે.સ. નં. ૩૩૧-૧+૨, ૩૩૫, ખાતા નં. ૧૫૭૮ વાળી બીનખેતી વિષયક જમીન કે જેનુ ક્ષેત્રફળ ૧૩૧૫૨.૦૦ ચો.મી. પૈકી ૨૮૬૫.૬૦ ચો.મી. વાળી બીનખેતી જમીનમાં વડોદરા મહાનગર પાલીકા રજાચિઠ્ઠીનં. 003LD22230004, તારીખ : ૦૭/૦૪/૨૦૨૨ ના રોજ બાંધકામ કરવાની પરવાનગી આપેલી છે. તે પરવાનગીમાં જણાવ્યા મુજબ ગ્રાઉન્ડ ફ્લોર થી સેકન્ડ ફ્લોરનાં કૂલ ૧૬ ટ્રીપલેક્ષ રેસી. યુનીટ તથા કોમન પ્લોટમાં ક્લબ હાઉસનુ બાંધકામ કરવાની પરવાનગી આપેલ છે. સદરહું જમીનમાં બીજી તરફવાળાએ જમીન ડેવલોપ કરીને તેમાં બાંધકામ કરેલ છે. તે યોજનાનું નામ ***"ARANYA ONE44 PHASE-2"*** રાખવામાં આવેલું છે. તે યોજનામાં આવેલ યુનિટ **નંબરઃ............** જે **.........** ચો.મી. કારપેટ એરીયાવાળી મીલકત રૂા**...............**/- પુરા માં વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેના બાના પેટે તમો એક તરફવાળા પાસેથી અમો બીજી તરફવાળાને નીચેની વિગતે ચેકથી ચુકતે મળી ગયેલ છે.

**-: બાના પેટે ચુકવેલ અવેજની વિગત :**

| રકમ | ચેક નંબર | તારીખ | બેંકનું નામ |
|---|---|---|---|
| રૂા. | | | |

કુલ રૂા. ...................../- અંકે રૂપિયા ............................................ પુરા.

ત્યારબાદ બાકી રહેતા અવેજની રકમ રૂા**...............**/- પુરા ( ... ) **......** માસમાં ચુકવી વેચાણનો દસ્તાવેજ કરાવી લેવાનો રહેશે તે સમયે સદર મીલકતનો પ્રત્યક્ષ કબજો સોંપવાનો છે.

**-: વેચાણ આપવા નકકી કરેલ મીલકતનું વર્ણન :-**

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા અને સબ–ડીસ્ટ્રીકટ વડોદરાના બ્લોક નં. ૨૭૯, જુનો રે.સ. નં. ૩૩૧-૧+૨, ૩૩૫, ખાતા નં. ૧૫૭૮ વાળી બીનખેતી વિષયક જમીન કે જેનુ ક્ષેત્રફળ ૧૩૧૫૨.૦૦ ચો.મી. પૈકી ૨૮૬૫.૬૦ ચો.મી. વાળી બીનખેતી જમીનમાં મંજુર થયેલા લે – આઉટ પ્લાન મુજબ જે યોજનાનું આયોજન કરેલું છે. તે યોજના ***"ARANYA ONE44 PHASE-2"*** એ નામથી ઓળખાય છે. તે યોજનામાં યુનિટ **નંબરઃ.........** ના કારપેટ એરીયાનું માપ **............** ચો. મી. તથા બાલ્કની, ઓપન ટેરેશ અને વોશ એરીયાનું માપ **..........**ચો. મી. મળી કુલ કારપેટ એરીયા ...........ચો.મી. છે સદર યૂનિટનો પાર્કીગ સહિતનો પ્લોટ એરીયા ............ચો.મી. તથા વરાડે પડતી જમીન......ચો.મી. મળી કુલ પ્લોટ ..........ચો.મી. છે. સદર બાનાખતના કરારથી વેચાણ આપવા નકકી કરેલ ફલેટની ચતુઃસીમા નીચે મુજબ છે.

પૂર્વે : ..................... આવેલ છે.

પશ્ચિમે : ..................... આવેલ છે.

ઉતરે : ..................... આવેલ છે.

દક્ષિણે : ..................... આવેલ છે.

સદર સ્કીમમાં આવેલ મિલકત એક તરફવાળા અને બીજી તરફવાળા માટે મિલકત માટેની ખુબ જ જરૂરી વિગતો નીચે પ્રમાણે છે.

૧) ચુકવણીની મર્યાદા નીચે મુજબ રહેશે.

| **ચુકવણીની મર્યાદા** | **ટકા** |
|---|---|
| બુકીગ કર્યેથી બાનાખતનો કરાર કર્યા પહેલા | ૧૦% |
| બાનાખતનો કરાર કયા બાદ | ૩૦% |
| કુલ વેચાણ અવેજના પીસ્તાલીસ ટકા જેટલી રકમ મંજુર યોજનાનાં પ્લીથ લેવલનું કામ પુર્ણ થાય ત્યારે | ૪૫% |
| કુલ વેચાણ અવેજના સીત્તેર ટકા જેટલી રકમ પ્લીથ લેવલથી ટોપ લેવલ સુધીના સ્લેબ પુર્ણ થાય ત્યા સુધી | ૭૦% |
| કુલ વેચાણ અવેજના પંચોતેર ટકા જેટલી રકમ યુનીટના દિવાલ, આંતરીક પ્લાસ્ટર, ફલોરીગ, બારી, દરવાજા / શટરનું બાંધકામ પુર્ણ થાય ત્યારે | ૭૫% |

| | |
|---|---|
| કુલ વેચાણ અવેજના એંશી ટકા રકમ પ્લબીંગ તથા બાહય દિવાલો, એલીવેશન વોટરપ્રુફિંગ, સહીતનાં ધાબાનું કામ પુર્ણ થયેથી. | ૮૦% |
| કુલ વેચાણ અવેજના પંચ્યાંશી ટકા રકમ સેનીટરી ફીટીગસ, સીડી, વિગેરેનું તમામ માળ સુધીનું બાંધકામ પુર્ણ થાય ત્યારે | ૮૫% |
| કુલ વેચાણ અવેજના પંચાણુ ટકા રકમ લીફટ, પાણીનો પંપ, વિજળી, ફીટીગ્સ, પર્યાવરણને લગતી જરૂરીયાતો, લોબી, ગેટ વિગેરે તમામ કામો પુર્ણ થયેથી. | ૯૫% |
| કુલ વેચાણ અવેજની બાકી ચુકતે રકમો મંજુર મીલકતનો કબજો સોપતા સમયે વેચાણ અવેજની બાકી ચુકવી આપવાની રહેશે. | ૧૦૦% |

૨) ઉપર જણાવ્યા મુજબની મુદૃતમાં બાકીનો વેચાણ અવેજ ચુકવી સદર મીલકતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવા તમો હકકદાર અને અધિકારી થશો અને તમો એક તરફવાળાએ પુરો વેચાણ અવેજ ચુકવ્યેથી વેચાણ દસ્તાવેજ કરી / કરાવી આપવાની જવાબદારી અમો બીજી તરફવાળાની સ્વતંત્ર છે અને રહેશે.

૩) અમો બીજી તરફવાળા, પ્રમોટર, સદર બિલ્ડીગનું બાંધકામ પૂર્ણ થયા પછી તમો એક તરફવાળાને ફાળવવામાં આવેલા અંતિમ કાર્પેટ એરીયાની ખાતરી કરીશું અને વી.એમ.એસ.એસ.પાસેથી ઓક્યુપન્સી સર્ટીફીકેટ મેળવીએ ત્યારે જો કોઇ વેરીએશન હોય તો વધુમાં વધું ત્રણ ટકા થી વધારે નહિ હોય તેની ખાતરી આપીએ છીએ. અમો બીજી તરફવાળાએ ખાતરી કર્યા બાદ મિલ્કતની કિંમત કાર્પેટ એરીયા પ્રમાણે ફરી ગણવાની રહેશે. જો કાર્પેટ એરીયામાં ત્રણ ટકા થી વધારે ઘટાડો થયો તો અમો બીજી તરફવાળા એ વધારાનો અવેજ ૪૫ દિવસમાં તમો એક તરફવાળાએ ચુકવેલા વધારાના અવેજની તારીખથી વાર્ષિક વ્યાજ દર ૭% સહિત પરત કરવાનો રહેશે, જો તમો એક તરફવાળાને ફાળવેલ કાર્પેટ એરીયામાં વધારો થયો હોય તો અમો બીજી તરફવાળા વધારાનો અવેજ મેળવવા હક્કદાર છીએ જે અવેજ તમો એક તરફવાળાએ આગલી ચુકવણીની તારીખે અમો બીજી તરફવાળાને ચુકવવાનો રહેશે, અવેજમા સુધારો-વધારો ઉપર દર્શાવેલ કિંમત પ્રતિ ચો.મીટરે જ ગણવાનો રહેશે.

૪) સદર મિલકતનું કામ પુર્ણ થયેથી સમયસર મિલકતનો કબજો અમો બીજી તરફવાળા એ સોંપવાનો છે. તેમજ કોમન એરીયાનું તથા ઓક્યુપેશન સર્ટી લાવી આપવાનું રહેશે.

૫) અમો બીજી તરફવાળા, આથી જાહેર કરીએ છીએ કે પ્રોજેકટની જમીનના સંબંધમાં આજની તારીખ પ્રમાણેનો ફલોર સ્પેસ ઈન્ડેક્ષ ફક્ત ૫૧૫૮.૦૮ ચો.મી. છે અને અમો બીજી તરફવાળા, વિકાસ

નિયંત્રણ વિનિયમમાં જણાવેલી વિવિધ યોજનાનો અમલ કરીને અથવા વિકાસ નિયંત્રણ વિનિયમના સદરહુ પ્રોજેકટને લાગુ પડતા ફેરફાર ઉપર ભવિષ્યમાં મેળવી શકાય તેવી વધારેલી એફએસઆઈની અપેક્ષાને આધારે, પ્રિમિયમની અથવા ઈન્સેન્ટિવ એફએસઆઈ તરીકે ઉપલબ્ધ એફએસઆઈની ચૂકવણી પર મળતાં ટીડીઆર અથવા એફએસઆઈનો લાભ મેળવીને ૨૯૨૮.૫૯ ચો.મી. નો ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષનો ઉપયોગ કરવાનું આયોજન કરેલ છે. અમો બીજી તરફવાળા, પ્રમોટરે, સદરહુ પ્રોજેક્ટમાંની પ્રોજેક્ટની જમીન ઉપર પોતે લાભ લેવા ધારેલા ૨૯૨૮.૫૯ ચો.મી. નો ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ જાહેર કર્યો છે અને એલોટીએ, સૂચિત એફએસઆઈ નો લાભ મેળવીને પ્રમોટરે કરવાના મિલ્કતના સૂચિત બાંધકામ અને વેચાણના આધારે અને જાહેર કરેલો સૂચિત એફએસઆઈનો લાભ ફક્ત પ્રમોટરને મળેલ છે તેવી સમજુતીના આધારે, સદરહું મિલ્કત ખરીદવાનું કબૂલ કરેલ છે.

૬) સદર મિલકતનું નક્કી કરેલ કરાર મુજબ એક તરફવાળાએ સમયસર પેમેંટ ચુકવવાનું રહેશે અને જો તમો એક તરફવાળા સમયસર પેમેંટ ચુકાવવામાં નિષ્ફળ કે વિલંબ થાય તો તમો એક તરફવાળાએ અમો બીજી તરફવાળાને ચુકવવા પાત્ર રકમ પર વાર્ષીક વ્યાજ દર ૭% પ્રમાણે વ્યાજ ચુકવવાનુ રહેશે. અને જો અમો બીજી તરફવાળા મિલકતનો કબજો સમયસર તમો એક તરફવાળાને ના સોપીએ પરંતુ તમો એક તરફવાળા જો જે-તે સમયે પણ ઉપરોક્ત મિલ્કત વેચાણથી રાખવા માંગતા હોય તો તમોએ જે તે સમયે ચુકવેલ રકમ પ્રમાણે, વિલંબિત દરેક મહિના માટે, વાર્ષીક વ્યાજ દર ૭% પ્રમાણે અમો બીજી તરફવાળાએ તમો એક તરફવાળાને વ્યાજ ચુકવવાનું રહેશે.

૭) સદરહું બાનાખતમાં દર્શાવેલી મીલકતનું પઝેશન ૨૬ જુલાઇ, ૨૦૨૫ સુધીમાં તમો એક તરફવાળાને અમો બીજી તરફવાળાએ આપવાનું રહેશે. જો અમો બીજી તરફવાળા સંજોગોવશાત સદર મિલ્કતનું પઝેશન આપવામાં અસમર્થ રહીએ અને આથી તમો એક તરફવાળા હવે જો ઉપરોક્ત મિલ્કત વેચાણથી રાખવા માંગતા ન હોય તો મિલ્કતના અવેજ પેટે મેળવેલ રકમ જે તે દિવસ સૂધીના વાર્ષીક વ્યાજ દર ૭% પ્રમાણે વ્યાજ સહિત પરત કરવાની રહેશે. જો સદર મિલ્કતના બાંધકામમાં યુધ્ધ, રમખાણ, કુદરતી આપદા, સરકાર અથવા અદાલતના હુકમ અથવા નોટીસના કારણે મોડું થશે તો અમો બીજી તરફવાળા પઝેશનની તારીખમાં વિલંબ કરવા હકકદાર રહીશું.

૮) સદરહું બાનાખતમાં દર્શાવેલી મુદૃતમાં બાકીનો વેચાણ અવેજ તમો વેચાણ લેનાર ના ચુકવી આપો તો આ બાનાખત રદૃબાતલ નિરર્થક ગણાશે અને તમોને વેચાણ લેવાનો કોઇ હકક - અધિકાર રહેશે નહી.

૯) સદર સ્કીમમાં આવેલ મિલકતનું પઝેશન અમો બીજી તરફવાળાએ તૈયાર કરીને ૧૫ દિવસની નોટીસ આપીને એક તરફવાળાને જાણ કરવાની રહેશે અને સદર મિલકતનું સંપુર્ણપણે ચકાસણી કરીને આપેલ તમામ એમીનીટીસ યોગ્ય છે કે નહીં તે ચેક કરીને એક તરફવાળાએ પ્રત્યક્ષ કબજો લેવાનો રહેશે.

૧૦) સદર મિલકતનું પઝેશન લીધા પછી પાંચ વર્ષ સુધી મિલકતના સ્ટ્રકચર માં કોઇ પણ પ્રકારની તકલીફ થાય તો તે અમો બીજી તરફવાળાએ પોતાના ખર્ચે રીપેરીગ કરી આપવાનું રહેશે. જો અમો તેમ કરવામા અસમર્થ રહિએ તો તમો એક તરફવાળા કાયદા મુજબ વળતર મેળવવા હકકદાર છો, પરંતુ સદર મિલકત ની અંદર એક તરફવાળાએ કોઇપણ જાતનું તોડફોડ કે સુધારા વધારા કરેલ હશે તો તેની તમામ જવાબદારી એક તરફવાળાની રહેશે. તેવી તમામ સ્પષ્ટ શરતો સાથે સદર મિલકતનો વેચાણ દસ્તાવેજ અમો એક તરફવાળા અને બીજી તરફવાળાએ કરેલ છે.

૧૧) સદર મીલકતનો વેચાણ દસ્તાવેજ તારીખ સુધીના તમામ વેરા કર વિગેરે જે કાંઇ આવે તે અમો બીજી તરફવાળાએ ભરવાનાં છે.

૧૨) ઉપરના વર્ણનવાળી મીલકત અમો બીજી તરફવાળાઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની છે અને તેમાં અમો બીજી તરફવાળા સિવાય બીજા કોઇનો કોઇપણ જાતનો લાગ - ભાગ, હકક - હીત સંબંધ નથી. સદર મીલકતના ટાઇટલ ચોખ્ખા અને કલીયર છે અને તે વેચાણ આપવાનો અમો બીજી તરફવાળાને પુરતો હકક અને અધિકાર છે.

૧૩) અમો બીજી તરફવાળા તમો એક તરફવાળાને બાહેંધરી આપીએ છીએ કે સદર બાનાખતનો કરાર થયા બાદ અમો એક તરફ વાળા સદર મીલ્કતને ગીરવે (મોર્ગેઝ) કે મીલ્કત ઊપર કોઇપણ જાતનો બોજો કરીશું નહી. અને જો કોઇ ગીરો (મોર્ગેઝ) કે બોજો કરવામાં આવે કે કરેલ હોઇ તો પણ જેતે સમયે લાગુ પડતા કાયદાના અનુસંધાને તમો બીજી તરફ વાળાના હક્કોને અને અધીકારોને કોઇપણ જાતની અસર થશે નહી.

૧૪) જો આ કરારની કોઇપણ જોગવાઇ અધિનિયમ અથવા નિયમો અને વિનિયમો હેઠળ રદબાતલ અથવા બહિષ્કૃત અથવા અમલ કરવા માટ નિર્ધારીત કરવામાં આવશે તે પછી અથવા અન્ય લાગુ કાયદા હેઠળ એગ્રીમેન્ટસના આવા જોગવાઇઓ ઉદેશ્ય સાથે વાજબી રીતે વિરોધાભાસી હોવાનું માનવામાં અથવા કાઢી નાખવામાં આવે છે. આ કરાર અને એક્ટ અથવા નિયમોને અનુરૂપે થવા માટે જરૂરી હદ સુધી

અને તે હેઠળ બનાવેલા નિયમો અથવા લાગુ કાયદા હો, અને આ કરારની બાકી જોગવાઇ માન્ય રહેશે અને આ કરારના અમલ સમયે લાગુ પડતા અમલપાત્ર.

૧૫) સદર કરાર હેઠળની મીલકતનો પ્રત્યક્ષ કબજો પુરેપુરો વેચાણ અવેજ ચુકતે થયેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ વખતે તમો એક તરફવાળાને સોંપવાનો છે અને રહેશે. સદરહું મીલકતના વેચાણ દસ્તાવેજ સમયે સ્ટેમ્પ, નોંધણી ફી, લખાઇ ફી, વિગેરે તમામ ખર્ચ તમો વેચાણ દસ્તાવેજ લખાવી લેનારે ભોગવવાનો છે.

૧૬) કોઈપણ વિવાદનો નિકાલ સમાધાનથી લાવવાનો રહેશે. જો સમાધાનથી ઉકેલ ન આવે તેમ હોય તો રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ ના નિયમો અને શરતોની જોગવાઈઓને આધીન રેરા સત્તા સમક્ષ પ્રસ્તુત કરવામાં આવશે. સદર કરારની રૂએ ઉદભવેલ પક્ષકારોના અધિકાર અને ફરજોનું અર્થઘટન અને અમલ ભારત સરકારના જે તે વખતના લાગુ કાયદા કાનુન અનુસાર કરવાનું રહેશે અને ન્યાયક્ષેત્ર વડોદરાની નામદાર કોર્ટનું રહેશે.

૧૭) સદર બાનાખતનો કરાર અમો બીજી તરફવાળાએ અમારી રાજીખુશીથી વાંચી, સમજી, વાકેફ થઇ બીનકેફ હાલતમાં શુધ્ધ બુધ્ધિથી અકકલ હોંશિયારીથી લખી આપેલ છે તે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો ઇત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

અત્રે............................મતુ                    અત્રે...........................શાખ

વેચાણ દસ્તાવેજ લખી આપનાર / બીજી તરફવાળા / જમીન માલીક ::

**વિહળ ઇન્ફ્રા** એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર

..................................